# સાબર સ્પોર્ટ સ્ટેડિયમની પાંચ દિકરીઓએ યુનિવર્સીટી એથ્લેટીક ચેમ્પિયનશીપમાં નવા રેકોર્ડ બનાવ્યા

## નિર્મા અસારીએ લાંબી કુદમાં ૫.૭૯ મીટરની છલાંગ લગાવી પોતાનો જ રેકોર્ડ તોડી નવો રેકોર્ડ નોંધાવ્યો

હિંમતનગર,તા. ૧૪

સાબરકાંઠા હિંમતનગરના સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે હેમચંદ્રાચાર્ય યુનિ. પાટણ દ્વારા યુનિવર્સીટી એથ્લેટીક ચેમ્પિયનશીપ તા. ૯થી ૧૩ ડીસેમ્બર ૨૦૨૨ દરમિયાન યોજાઈ હતી. જેમાં સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમની પાંચ દિકરીઓ જેઓ મહિલા કોલેજ મહેતાપુરાની વિધાર્થીનીઓ નિર્મા અસારી, જાડા રિંકલ, ડાકી પ્રિયલ, રબારી સતી, માહી રાજપૂત વિવિધ રમતોમાં ખુબ જ સારુ પ્રદર્શન કરી સાબરકાંઠાનુ અને પોતાના પરીવારનું નામ રોશન કર્યુ છે. આ પાંચ દિવસીય સ્પર્ધામાં ૯૭ કોલેજના ૧૧૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં દોડ, લાંબી કુદ, હડલ દોડ, રીલે દોડ જેવી સ્પર્ધાઓ યોજાઇ



હતી. આ સ્પર્ધાઓમાં નિર્મા અસારીએ લાંબી કુદમાં ૫.૭૯ મીટરની છલાંગ લગાવી પોતાનો જ રેકોર્ડ તોડી નવો રેકોર્ડ બનાવી પ્રથમ સ્થાન હાંસલ કરવાની સાથે ૪x૧૦૦મીટર રીલે દોડમાં પણ સારુ પ્રદર્શન કરી બેસ્ટ એથ્લેટ ગર્લનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. જાડા રીંકલે ૧૫૦૦મીટર દોડ ૫.૦૨ મીનિટ,૨૦૦૦મી. ૭.૨૧ મીનિટ અને ૫૦૦૦મીટર દોડ ૧૯.૦૩ મીનિટમાં પૂર્ણ કરી સાથે ૪x૧૦૦ રીલે દોડમાં ઉત્તમ પ્રદર્શન કર્યુ હતું. ડાકી પ્રિયલે ૪૦૦મીટર હડલ દોડ ૧.૧૩ મિનિટમાં પૂર્ણ કરી, જ્યારે રબારી સતીએ ૮૦૦મીટરની દોડ ૨.૩૪ મીનિટમાં પૂર્ણ કરી હતી અને માહી રાજપૂતે ૧૦૦મીટર દોડમાં ખુબ સારૂ પ્રદર્શન કરી મેડ્લ મેળવ્યા હતા. સતી, રિંકલ, પ્રિયલ,માહિએ ૪x૪૦૦ રીલે દોડ ૪.૪૪ મિનિટમાં પૂર્ણ કરી હતી. આ પાંચ દિકરીઓએ યુનિવર્સિટીના જુના નવ રેકોર્ડ તોડી ઈતિહાસ રચ્યો હતો. આ પાંચે દિકરીઓને અને તેમના કોચને વહિવટી તંત્ર અને મહિલા કોલેજ દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ઠંડીમાં એકાએક ઘટાડો - જિલ્લામાં હવામાન પલ્ટાવ, પ્રજાએ ગરમ વસ્ત્રો ઉતાર્યા

## પરોઢે વાદળો દેખાતાં ધરતીપુત્રો ચિંતિત



બાયડ, તા.૧૪

રાજયમાં એકાએક હવામાન પલ્ટાવની સ્થિતિ જોવા મળી. ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જેથી પ્રજાએ ગરમ વસ્ત્રો ઉતાર્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પરોઢે પૂર્વ દીશામાં વાદળો દેખાતાં ફરી એકવાર ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. વાદળછાયા વાતાવરણના કારણે દાડમ, ચીકું, જામફળ સહિતના પાકમાં રોગચાળો વકરવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર દેશના અનેક વિસ્તારોમાં હવામાન પલ્ટાવ જોવા મળી અને તેની અસર ઉત્તર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે. છેલ્લા ૪ દિવસ દરમ્યાન કાતિલ ઠંડીનો સૂસવાટો અને ગત સમી સાંજથી લઘુત્તમ તાપમાન ગગડવાના બદલે ઉંચકાયું છે જેથી માંડી રાત્રે લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાતાં ઠંડીની તિવ્રતા ઘટી છે. જ્યારે મંગળવારે દિવસ દરમ્યાન કેટલાક વેપારીઓને પંખા ચાલુ કરવાની ફરજ પડી હતી. લગ્નના અવસરમાં પણ ઠંડી ગાયબ થતાં યજમાનોને મંડપમાં પંખા મૂકાવી મહેમાનોને ભરશિયાળે લાગતી ગરમીમાં રાહત આપવાનો પ્રયાસ કર્યો હતો. હવામાન વિભાગનું માનીએ તો તા.૧૪, ૧૫ના રોજ રાજયના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠાની શક્યતા છે. જિલ્લાના ખેડૂતોએ પણ કમોસમી માવઠાની આગાહીના પગલે સૂકો ઘાસચારો ભીંજાઈન જાય તેની અગમચેતી રાખ્યાનું જાણવા મળ્યું છે.

# પ્રાંતિજ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર ખાતે અન્નપૂર્ણા માતા ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર ખાતે અન્નપૂર્ણા માતા ભવન નો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર ખાતે મંદિર સંકુલ મા અન્નપૂર્ણા માતા ભવન નો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો જેમા મંદિર ના મેનેજિંગ ટ્રસ્ટી યોગેશભાઈ રાવલ તથા તેમના ધર્મ પત્ની દ્વારા ખાતમુહૂર્ત કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા , મંદિર કારોબારી સભ્યો, ગામના આગેવાનો , શિવ ભકતો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા તો પ્રકાશભાઈ મહારાજ તથા પ્રશાંત ભાઈ મહારાજ દ્વારા મંત્રોચ્ચાર સાથે ભૂર્મિપૂજન કરવામા આવ્યુ હતુ.

# તાજપુર કુઈ ખાતે મહાકાલી માતાના મંદિરનું ખાતમુહૂર્ત કરાયું



પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર કુઈ ખાતે મહાકાલી માતાના મંદિર નુ ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજના તાજપુર કુઈ ખાતે નવયુવક મંડળ દ્વારા સાત લાખના ખર્ચે મહાકાલી મંદિર નુ બાંધકામ શરૂ કરવામા આવનાર હોય ત્યારે તારીખ ૧૪।૧૨।૨૦૨૨ ના રોજ ખાતમુહૂર્ત કાર્યક્રમ રાખવામા આવ્યો જેમા પાંચ યજમાનોએ ધર્મ લાભ લીધો હતો તો ભુદેવો દ્વારા વિધિવત પૂજા અર્ચના કરાવવામા આવી હતી.

# હિંમતનગરના ધારાસભ્ય વિનેન્દ્રસિંહના કાર્યાલયનો પ્રારંભ



તલોદ તા ૧૪

આગામી વિધાનસભા ની ચુંટણીમાં હિંમતનગર બેઠક પર થી ચૂંટાયેલ ધારાસભ્ય વિનેન્દ્રસિંહ દ્વારા હિંમતનગર વિધાનસભા મત વિસ્તારના મતદારો ના પ્રશ્નો ના નિવારણ માટે મહાવીરનગર વિસ્તારમાં કાર્યાલય નો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેનું ઉદઘાટન એક કુવારિકા દ્વારા કરવામાં આવ્યું હતું આપ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા મહેન્દ્રસિંહ રહેવર જિલ્લા મહિલા અને બાળવિકાસ ચેરમેન રેખા બા ઝાલા તલોદ તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ બંસીધર મહેતા હિંમતનગરશહેર ભાજપ સંગઠન ના હોદ્દેદારો કોર્પોરેટરો સહિત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

### બેંક આગળ રોકડ રકમની તફડંચીથી સનસનાટી

# માલપુરમાં ખેડૂતે હાથમાં પકડેલી થેલી કાપી રૂા.૧ લાખની ચોરી

### સી.સી.ટીવીમાં ટાબરીયા સાથે અન્ય એક ઈસમ શંકાસ્પદ દેખાયો

બાયડ, તા.૧૪

માલપુરની બેંક આગળ રોકડ રકમ ઉપાડી કપડાની થેલી સાથે પસાર થતા કાનેરા ગામના ખેડૂતની થેલી કાપી રુ ૧ લાખની રોકડ રકમ ચોરાઈ જવાની ઘટનાએ સનસનાટી મચાવી છે. બેંકમાંથી રોકડ ઉપાડી ખેડૂત થેલી પકડી પસાર થતા હતા તે સમયે કોઈએ થેલીને કાપો મારી રકમ તફડાવી લીધી છે. બેંક નજીકના સી.સી.ટીવી કેમેરામાં ખેડૂતની પાછળ પીછો કરતા ટાબરીયા સાથે અન્ય એક ઈસમની શંકાસ્પદ હિલચાલ જોવા મળી છે. બનાવ અંગે માલપુર પોલીસે તસ્કરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બેંકમાંથી રોકડ રકમ ઉપાડતા ગ્રાહકોને નિશાન બનાવતી ચોક્કસ ટોળકી સક્રીય થઈ છે. બેંક આસપાસ શંકાસ્પદ ઈસમોની હિલચાલ છતાં પોલીસ રોકડ રકમની તસ્કરીના બનાવ રોકવામાં નિષ્ફળ રહી છે. માલપુર તાલુકાના કાનેરા ગામના ખેડૂત ઉમેશ નાથુભાઈ ડામોર તા.૧૨ના રોજ બપોરે માલપુરની બેંક ઓફ બરોડા શાખામાં રોકડ રકમ ઉપાડવા માટે આવ્યા હતા જ્યાં રુ ૧ લાખની રકમ ઉપાડી કપડાની થેલીમાં મૂકી બેંકમાંથી બહાર નિકળ્યા હતા જે સમયે કોઈ તસ્કરે તેમના હાથમાંની થેલીમાં કાપો મૂકી રુ ૧ લાખની રોકડ તફડાવી લીધી હતી. બેંકથી થોડેક દુર ગયા પછી ખેડૂતને રકમ ચોરાયાની જાણ થતાં અવાચક થઈ ગયા હતા. બેંક આસપાસ રાહદારીઓ તેમજ વાહનોની અવર જવરના કારણે તસ્કરને અંજામ આપવામાં સફળતા મળી હતી. રોકડ રકમ ચોરાયા પછી બેંકના આસપાસ લગાવવામાં આવેલા સી.સી.ટીવી જોતાં ટાબરીયા સાથે અન્ય એક ઈસમ ખેડૂતનો પીછો કરતો જાઈ આવ્યો છે. બનાવ અંગે માલપુર પોલીસે ખેડૂતની ફરિયાદના આધારે ગુનો નોંધી ઘટના સ્થળ તેમજ બેંકના સી.સી.ટીવી જ મેળવી તપાસ શરુ કરી છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં વાતાવરણમાં પલ્ટો આવતા ધરતી પુત્રોના જીવ પડીકે બંધાયા

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકા મા



વાતાવરણ મા પલ્ટો આવતા ધરતી પુત્રો મા નારાજગી જોવા મળી રહી છે તો ફલાવર-કોબીજ પકવતા ખેડૂતોને વાદળછાયા વાતાવરણ ને લઈ ને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. છેલ્લા બે દિવસ થી જિલ્લા સહિત તાલુકામા વાતાવરણ મા પલ્ટો જોવા મળી રહ્યો છે જેને લઈ ને ધરતીપુત્રો મા ચિંન્તા નુ ના વાદળો જોવા મળી રહ્યા છે તો વાદળ છાયુ વાતાવરણ રહેતા ફલાવર અને કોબીજ પકવતા ખેડૂતો ને મોટુ નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે અને વાદળછાયા વાતાવરણ ને લઈ ને કોબીજ-ફલાવર ના પાક ઉપર અસર જોવા મળી છે તો બીજુબાજુ છેલ્લા એક સપ્તાહ થી શાકભાજીના ભાવ ગગડતા ખેડૂતોમા નિરાશા જોવા મળી રહી છે ત્યારે હાલતો મોંઘાદાટ બિયારણ, ખેડ, દવા, ખાતર સહિત ના ખર્ચ સામે ખેડૂતો ને પોષણક્ષમ ભાવ ના મળતા ખેડૂતોમા નિરાશા જોવા મળી રહીછે ત્યારે જો માવઠુ થાય તો તૈયાર થયેલ કોબીજ ફલાવર સહિત કપાસના પાકને નુકસાન થવાની ભીતી જણાઈ રહી છે ત્યારે હાલતો ખેડૂતોની સ્થિત સોળ સોધે અને તેર તુટે જેવી હાલત જોવા મળી રહે છે.

### ખાનગી હોસ્પિટલને ટક્કર આપે તેવી તબીબી સારવાર નિશુલ્ક

# બનાસ સિવિલ જનરલ હોસ્પિટલમાં દર્દીને ડાયાબિટીસ અને જમણા પગમાં રસી થઈ જવાથી ઓપરેશન કરી રજા અપાઈ

પાલનપુર તા. ૧૪

બનાસ ડેરીના ચેરમેન અને બનાસ મેડીકલના કોલેજના આદ્યસ્થાપક શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નો થકી આજે પશુપાલકની એકમાત્ર જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે અત્યંત આધુનિક તબીબી સારવારમાં જીલ્લામાં મોખરે છે. મેડીકલ કોલેજના ચેરમેન પી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે તમામ વિભાગોમાં ઉત્કૃષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે.



આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કેગત તારીખ ૧૫/૧૧/૨૦૨૨ના રોજ પાલનપુર તાલુકાના માલણ ગામના વતની સુરેશભાઈ રામજીભાઈ પ્રજાપતિ ,ઉંમર વર્ષ ૪૧ જેઓ વ્યવસાયે ઈંટોનો વેપાર કરે છે અને તેમણે ડાયાબીટીસ અને જમણા પગમાં રસી થઈ જવાથી તેમણે પ્રાઈવેટ હોસ્પિટલ પાલનપુર અને સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે સારવાર લીધી હતી પણ કોઈજ પ્રકારનો ફરક ન પડતા તેમના સગાસંબંધીઓના માર્ગદર્શન મુજબ તેઓ બનાસ મેડીકલ સિવિલ જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે દાખલ થયા હતા. અને તેઓને ઈમરજન્સી ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ટ્રીટમેન્ટ બાદ દર્દીનુ ડાયાબીટીસ કંટ્રોલમાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલ ના સુપરિટેન્ડેન્ટ ડોકટર સુનિલભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ સર્જરી વિભાગના ડોકટર અને એમની વિભાગની ટીમ દ્વારા જમણા પગમાં રસીનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

વધુમાં દર્દીએ જણાવ્યું હતું કે હું સગા સંબંધીઓની સલાહસૂચન મુજબ પાલનપુર ખાતે બનાસ જનરલ સિવિલ હોસ્પિટલ આવતા ડાયાબીટીસનુ પ્રમાણ ખુબજ વધુ હતું અને જમણા પગમાં રસી થવાથી પગ ખુબજ જાડો થઈ ગયો હતો. તેથી દર્દીને ઓપરેશન કરવાની જરૂર પડતા સર્જરી વિભાગના ડોકટર કલ્પેશ પટેલ દ્વારા ઓપરેશન કરી પગમાં થઈ ગયેલી રસી કાઢીને જટિલ ઓપરેશન કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ દર્દી સ્વસ્થ થતા સારવાર કરી ૧૫ દિવસે રજા આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના સ્ટાફ ગણનો પણ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

# રૂપાલમાં દરજી જ્ઞાતિ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો





ગાંભોઈ, તા.૧૪

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે ઝાંઝરી મંદિરના પરિસરમાં અડા આઠમ દરજી જ્ઞાતિ સમાજ સમૂહ લગ્ન આયોજન સમિતિ હિંમતનગર-મુંબઈ દ્વારા બારમો સમૂહ લગ્નોત્સવ સમાજના આગેવાનો અને દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ સમૂહ લગ્નમાં સમાજના ૧૪ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. દરજી જ્ઞાતિ સમાજ દ્વારા સમૂહ લગ્નમાં સુંદર વ્યવસ્થા ઉભી કરી હતી. સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી પ્રસંગને માણ્યો હતો.

# જીગ્નેશ મેવાણીએ મહિલા અધિકારી સાથે અણછાજતું વર્તન કર્યુ હોવાની રાવ

પાલનપુર તા.૧૪

**શ્રીમાળી અને રોહિત સમાજ પણ આવેદનપત્રો પાઠવશે**

પોતાને દલિત નેતા ગણાવતા જીગ્નેશ મેવાણી એ એક કલાસવન દલિત મહિલા અધિકારી સાથે ગેર વર્તણુક કરી પોતાના સમર્થકો સમક્ષ એક અધિકારીનું મોરર તોડવાનો પ્રયાસ કરતા સમગ્ર દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો.

વડગામ કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પાલનપુર કલકેટર કચેરીમાં અધિક નિવાસી કલેક્ટર સામે પ્રોટોકોલના નામે રોફ જમાવી એક કલાસવન દલિત મહિલા અધિકારીનું અપમાન કરતા સમગ્ર દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને મેવાણીના અણછાજતા વર્તન વિરુદ્ધ બનાસકાંઠા જિલ્લા ધાણધાર વણકર સમાજ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રોષ વ્યક્ત કર્યો હતો.

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે ગત તા.૯ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વડગામ બેઠક પરથી વિજેતા બનેલા કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અધિક નિવાસી કલેકટર ડો.રીટાબેન પડયાની ચેમ્બરમાં પહોંચી કહ્યું હતું કે હું કલેકટર કચેરી આવું એટલે તમારે મને લેવા આવવું તમારી ચેમ્બરના આવુ ત્યારે હું ઉભો હોવ ત્યાં સુધી તમારે ઉભા રહેવું હું બેસું પછી જ તમારે બેસવું અને હું જાવ ત્યારે તમારે કલેક્ટર કચેરીના દરવાજા સુધી મુકવા આવું જોકે પોતાને દલિત આગેવાન ગણાવતા કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ એક દલિત મહિલા અધિકારીને પ્રોટોકોલના નામે ઉતારી પાડવા બેહૂદુ વર્તન કરતા દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે જેમાં બનાસકાંઠા ધાણધાર વણકર સમાજે એક દલિત મહિલા અધિકારીનું અપમાન કરવા બદલ જીગ્નેશ મેવાણી વિરુદ્ધ જિલ્લા કલેકટર ને આવેદન પત્ર પાઠવી આ ઘટનાને કડક શબ્દોમાં વખોડી કાઢી હતી.

# પાલનપુરના અમદાવાદ હાઈવે પર ઈક્કો ગાડીમાં આગ ભભૂકી

### આગ લાગવાની ઘટનામાં ગાડીમા સવાર મુસાફરોનો આબાદ બચાવ : ઘટનાના પગલે દોડી આવેલ ફાયર ફાયટરની ટીમે આગ પર કાબુ મેળવ્યો

પાલનપુર તા.૧૪

પાલનપુરના અમદાવાદ હાઈવે પર મુસાફર ભરેલી એક ઈક્કો ગાડીમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી જોકે આગ ની ઘટનાના ગાડીમાં સવાર મુસાફરો સમય સુચકતા દાખવી નીચે ઉતરી જતા જાનહાની તળી હતી બનાવના પગલે દોડી આવેલ ફાયર ફાયટરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

પાલનપુરમા મંગળવારે બોપરના સમયે એરોમાં સર્કલ થી અમદાવાદ તરફ જતા હાઈવે પર મુસાફર ભરેલી એક ઈક્કો ગાડીમાં સૉર્ટ સર્કિટ થતા એકાએક આગ ભભૂકી ઉઠતા ગાડીમાં થી ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગતા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી જોકે આકસ્મિક આગ લાગવાના બનાવમાં ગાડીમાં સવાર મુસાફરોએ સતર્કતા દાખવી તાબડતોબ ગાડીમાં થી નીચે ઉતરી ગયા હતા બનાવ અંગે નગરપાલિકાના ફાયર સ્ટેશને જાણ કરવામાં આવતા ફાયર ટીમ ફાયટર સાથે દોડી આવી સળગતી ગાડી પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો જોકે આગ લાગવાની ઘટનામાં જાન હાની ટળતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો જોકે સૉર્ટ સર્કિટ થી આગ લાગવાથી ગાડીના માલીક ને ભારે નુકશાન થવા પામ્યું હતું.